Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# ફાગુ કાવ્ય સ્વરૂપ અને તેનો ગુજરાતીમાં વિકાસ

**ડૉ.આઈ.એમ.ભાના***

મધ્યકાલીન કાવ્યપ્રકાર ફાગુને ઋતુકાવ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. દુનિયાભરના સાહિત્યમાં પ્રકૃતિના કાવ્યો મળવાનાં જ. પ્રકૃતિ અને માનવીનો સમન્વય કરીને કવિઓએ નિજાનંદ ગાયો છે. પ્રાચીનભાષા સંસ્કૃતમાં ઋતુવર્ણનોના અનેક કાવ્યો મળે છે જો કે મહાભારતમાં પ્રકૃતિવર્ણનો જોવા મળતાં નથી. આપણે ત્યાં વાલ્મિકિના રામાયણમાં પહેલીવખત પ્રકૃતિવર્ણનો જોવા મળે છે. ત્યાર પછી કાલીદાસના 'ઋતુસંહારમાં 'મેઘદૂત'માં પ્રકૃતિવર્ણનો જોવા મળે છે. સંસ્કૃતની આ પરંપરા પ્રાકૃત કાવ્યોમાં 'ગઉડવહો' 'ગાહાસતસઈ' માં જોવા મળે મધ્યકાલીન સાહિત્યમાં 'બારમાસી' જેવા સાહિત્ય પ્રકારમાં પણ ઋતુવર્ણનને ખાસ્સો અવકાશ મળતો હતો.

ફાગુ શબ્દના મૂળમાં 'ફગ્ગુ' શબ્દ છે. તેનું સંસ્કૃતરૂપ ફલ્ગુ છેક પાણિનીના સમયથી પ્રચલિત છે. હેમચન્દ્ર 'ફગ્ગુ' નો અર્થ વસંતોત્સવ આપે છે પ્રાચીન ગુજરાત અને રાજસ્થાનમાં વસંતઋતુ બેસતાં વસંતગીતો ગાવાનો ચાલ હતો આજે પણ ફાગ ખેલવા જેવા શબ્દપ્રયોગ થાય છે. આ લોકપ્રથાનો આશ્રય લઈને ગુજરાતી કવિઓએ ફાગુનો લોકપ્રિય વિશિષ્ટ સાહિત્યપ્રકાર વિકસાવ્યો. વસંતને નિમિત્તે જન્મેલ કાવ્યનો મુખ્ય રસ શૃંગાર રહેતો વસંતઋતુ બેસે ત્યારે વનનું વાતાવરણ બદલાઈ જતું પ્રેમીઓને આ ઋતુ મનોહર લાગતી જ્યારે વિરહીજનોને આ ઋતુ હૈયા બાળનારી લાગતી. પરંપરાગત શૈલીમાં આ વર્ણનો થતાં. સ્ત્રીઓના વર્ણનો એમાં અગ્રસ્થાને રહેતાં પ્રાચીન અને મધ્યકાલના કવિઓએ નારી દેહનાં વર્ણન કોઈપણ શરમ સંકોચ વિના કર્યાં છે. સ્ત્રીઓ વસંતમાં કદંબડાળે ઝૂલે ગીતો ગાય, રાસ રમે, જલક્રીડા કરે. વિરહિણીઓ એમના પ્રિયતમને મળે અને પછી એમના એ મિલનનું વર્ણન થતું આમ ફાગુમાં સંભોગશૃંગાર અને વિપ્રલંભ શૃંગાર બંન્નેને અવકાશ રહેતો હતોઆમ જોઈએ તો આ ગેય સ્વરૂપ છે. ફાગુમાં નૃત્ય ગીત અને નાટકનાં લક્ષણોનો સમાવેશ થાય છેઆમ તો આ સ્વરૂપના મૂળ લોકગીત લોકનૃત્યમાં પણ જોઈ શકાય આ સ્વરૂપ ગેયનૃત્ય પ્રકારનું હતું

*ડૉ.આઈ.એમ.ભાના, જે.એમ.શાહ કોલેજ, જંબુસર. જિ.- ભરૂચ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પછી ધીમે ધીમે એમાંથી નૃત્યતત્વ ઓછું થતું ગયું અને ગેય તત્વ જ બાકી રહી ગયું. સાહિત્ય પ્રકાર તરીકે યુવાન, રસિક, નાયક-નાયિકા રહેતાં, જ્યારે ઉદ્દીપન વિભાવ તરીકે સમગ્ર પ્રકૃતિ તેમાં ભાગ ભજવતી હતી કોયલ, પુષ્પ, આમ્રમંજરી, ભ્રમર ગુંજન, શીતલ મલયાનિલ, લતાકુંજ કમલ સરોવર, ઝરણાં, ચંદન, અગરુ વગેરેનાં વર્ણનો ખાસ કરીને જોવા મળતાં.

ફાગુનું આ સ્વરૂપ અજ્ઞાત કવિના'વસંતવિલાસ' કે 'વિરહ દેસાઉરી ફાગુ' માં જોવા મળે છે. 'વસંત વિલાસ'ને મળતું આવે એવું ફાગુ'નારાયણ ફાગુ' છે. આ ઉપરાંત 'ભ્રમરગીત' ચતુર્ભુજ કૃત, અજ્ઞાત કવિકૃત 'હરિવિલાસ ફાગુ' વગેરે ફાગુ મળે છે. આ નવ જૈનેતર ફાગુને બાદ કરતાં બધા ફાગુ જૈનફાગુ છે જૈન સાધુઓએ સાહિત્યની સારી રીતે જાળવણી કરી હોવાને કારણે તેમનું સાહિત્યવિપુલ માત્રામાં આપણને મળે છે

શરૂઆતમાં ફાગુમાં દોહાનો ઉપયોગ થતો હતો 'જિનચન્દ્રસૂરિ ફાગુ' માં દોહરાનો ઉપયોગ છે પણ ફાગુ ગેયપ્રકાર હોવાને કારણે પંક્તિના આરંભે'અરે'નો ઉપયોગ કર્યો છે. અરે "હથડઉ તપિયઉ પૈખિવિ" બીજા પ્રકારના ફાગુમાં શરૂઆતમાં દોહરો આવતો અને ત્યાર પછીની કડીઓમાં રોળા છંદની પણ આવતી આ પ્રમાણેના ટુકડા ભાસ(ભાષા)ના નામે ઓળખાતા. રાજશેખરકૃત 'નેમિનાથ' ફાગુ આનું દૃષ્ટાંત છે. ત્રીજા પ્રકારમાં દોહરા બંધનો ઉપયોગ કરવામાં આવે છે. ક્યારેક બાર માત્રાને બદલે તેર માત્રા પણ જોવા મળે. પણ અહી આંતરયમકની સાંકળ ગૂંથવામાં આવે છે અહીં રાગની સાથે લય પણ પ્રગટે છે. આ પ્રકારનું ઉત્તમ દૃષ્ટાંત અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ' ને ગણાવી શકાય. ચોથા પ્રકારમાં માત્રામેળની સાથે અક્ષરમેળ છંદોનો પણ વિનિયોગ થયેલો જોવા મળે છે. દાત. સોમ સુંદર સુરિ ફાગુ

વિષયવસ્તુની દૃષ્ટિએ પણ ફાગુના પ્રકારો પાડી શકાય છે. જૈનેતર ફાગુ અને જૈન ફાગુ જૈનેતર ફાગુમાં બે પરકારની પરંપરા છે એક પ્રકારમાં નાયક નાયિકા કોઈ ઈતિહાસ પ્રસિધ્ધ વ્યક્તિ હોતાં નથી. જ્યારે બીજા પ્રકારમાં શ્રીકૃષ્ણ, રુક્મિણી, કૃષ્ણ-ગોપી જેવા ઈતિહાસ પ્રસિધ્ધ પાત્રો હોય છે. પણ જૈન કવિઓએ આ રચનાઓને સાંપ્રદાયિકરૂપ આપ્યું. જૈન કવિઓનો મુખ્ય આશય ધર્મોપદેશ હતો. ભોગવિલાસને નહિ પણ ત્યાગ વૈરાગ્યનો મહિમા તેઓ ગાવા માંગતા હતા. એટલે જ તેમની રચનાઓમાં ધર્મનું ભારણ વરતાય છે જૈન કવિઓએ નાયક નાયિકા તરીકે તીર્થંકરો, સાધુઓને પસંદ કર્યા આ પ્રકારના ફાગુમાં શરૂઆતમાં સ્તુતિ વચન, તીર્થંકરનું વર્ણન, વંશાવલિ, સ્ત્રીઓના વર્ણન, 'નેમિનાથ ફાગુ'માં રાજિમતીના દેહનું વર્ણન આવે તો 'સ્થુલિભદ્ર ફાગુ'માં કોશાનું વર્ણન આવે જૈનફાગુ-જૈનેતરફાગુમાં નારીદેહનું

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

વર્ણન સમાન અંગ બની રહ્યું. કામોત્તેજન નારી અને પ્રકૃતિના વર્ણનની પડછે વીતરાગ, અનાસકત નાયકની વાત થતી. અંતે કવિ ઉપશમ ત્યાગ, વૈરાગ્ય તરફ લઈ જતો. જૈન કવિઓને હાથે ફાગુ ધર્મોપદેશનું સાધન હતો શૃંગાર એટલે મુક્તિસ્ત્રી રમણી સાથેનો વિહાર છેવટે નાયક સંયમશ્રીને વરતો,આમ રૂપાત્મક ભાષામાં ફાગુનાયકની વાત થતી સૌથી પહેલાં ફાગુનો નમૂનો જૈન ''જિનચંદસાર ફાગુ' ઈ.સ. ૧૨૮૫માં મળે છે. ફાગુના મૂળમાં બિનસાંપ્રદાયિકતા હોવા છતાં જૈનેતર ફાગુનો શરૂઆતનો કોઈ નમૂનો આપણને મળતો નથી

જૈન ફાગુઓમાં ખાસ જાણીતા ફાગુ 'સ્થૂલિભદ્ ફાગુ 'જંબુસ્વામી રાસ' 'નેમિનાથફાગુ' સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ ફાગુ નેમિનાથ વિશે લખાયા છે. આ જૈન ફાગુ સંસારી રસનું ગાન ગાતા નથી. એટલે છેવટે તો સંસારમાંથી વિરક્તિ લેવાની જ વાત આવે છે. 'નેમિનાથ ફાગુ' માં કૃષ્ણ અને તેમની પટરાણીઓની વસંતક્રીડા, કૃષ્ણની પટરાણીઓ સાથે નેમિનાથ વસંતખેલ કરે છે. 'સ્થૂલિભદ્દ ફાગુમાં માં સ્થૂલિભદ્દ કોશાને ત્યાં જાય છે કોશાના મનમોહક સૌંદર્યને કવિ વર્ણવે છે તો પણ આ બધાનું પરિણામ છેવટે ત્યાગ વૈરાગ્યમાં જ આવે છે. જૈન કવિ ગમે તે ભોગે ઋતુવર્ણન લઈ આવતા હતા કેટલાક ફાગુ રૂપક પ્રધાન છે. દા.ત. 'આધ્યાત્મ ફાગ'

આ બધા જ ફાગુઓમાં 'વસંત વિલાસ' નો રચનાબંધ વધુ ધ્યાનાકર્ષક અને અનુકરણીય બન્યો 'વસંત વિલાસ' દોહામાં રચાયેલું આંતરયમકની સાંકળીવાળું કાવ્ય છે પરંતુ બે દોહાની વચ્ચે સંસ્કૃત સાહિત્યમાંથી કવિએ લોક ટાંક્યા છે. આ પ્રકારના ફાગુઓ લખાવા માંડ્યા અને ધીમે ધીમે ફાગુ લોકપ્રિય પ્રકાર મટી જઈને વિદગ્ધ ભાવકો માટેના પ્રકારમાં ફેરવાયો એટલે તેમાં છંદો રચનાનાં પરિવર્તનો થવાં લાગ્યાં અજ્ઞાત કવિકૃત 'નારાયણફાગુ' આંદોલા, આંતર ચમકવાળા દુહા જેવા છંદમાં છે. તો બીજી બાજુ સોમસુન્દસ્સુરિ કૃત 'રંગ સાગર નેમિફાગ' શાર્દૂલ વિક્રીડિત છંદનો ઉપયોગ કરે છે.

ફાગુમાંથી એક પ્રકાર વિકસ્યોતે ભ્રમરગીતા, આનો નમૂનો ચતુંર્ભુજની'ભ્રમરગીતા'માં મળે છે. ધીમે ધીમે ફાગુ પ્રકારમાં એક વિધતા પ્રવેશી ગઇ આમ છતાં આ કાવ્યો આનંદ ઉલ્લાસ થી ઊછળતા સમાજનો સારો પરિચય કરાવે છે. આખ્યાન કે રાસની સરખામણીએ ફાગુનો પ્રકાર ટૂંકો છે. કયાંક વચ્ચે ઘટના, કથા આવતી હોવાને કારણે વૈવિધ્યને અવકાશ મળે છે.

આ બધા ફાગુઓને આધારે આપણને એટલો તો ખ્યાલ આવે છે કે આ ફાગુઓ ચૈત્ર માસમાં ખેલા અને નાચ સાથે ગવાતા હતા

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કેટલાક મહત્વના ફાગુઓ:-

ફાગુનો જૂનો નમૂનો આપણને 'જિનચંદ્સૂરિ ફાગ નો મળે છે. આ ફાગુ લગભગ ૧૨૮૫ની રચના છે. બધા જ ફાગુઓમાં શ્રેષ્ઠ કહી શકાય એવો ફાગુ અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ' છે. આકૃતિનો રચનાકાળ ચૌદમી સદીનો આરંભ હોઇ શકે. આકૃતિની ભાષાને આધારે તેનો રચના સમય ૧૪00ની આસપાસ હશે એવું અનુમાન લગાવી શકાય ૮૪ પંક્તિનું કાવ્ય છે. દોહા છંદ, આંતર ચમકની સાંકળ તેમાં છે. કૃતિની આરંભમાં મંગલા ચંરણ કરતાંકવિ કહે છે.

"પહિલઉં સરસતિ સરચિસુ રચિસુ વસંત વિલાસુ

ત્યારપછી વસંત ઋતુનું વર્ણન, કામી જનોના વિલાસનું વર્ણન વનમાં મળેલી વસંતનું વર્ણન, કામની દૂતિ કોલિલા કૂજનનું વર્ણન, વસંતની શોભા નિહાળીને વિરહમાં આંસુ સારતી સ્ત્રીઓના વિલાપનું વર્ણન, વિરહિણીના પ્રલાપોનું વર્ણન ત્યારપછી પ્રિયતમનું આગમન, પ્રિયમિલન માટે શૃંગાર સજતી નાયિકાનું વર્ણન અને પ્રિયજન સાથેના મિલનનું વર્ણન 'વસંતવિલાસ' ની હસ્તપ્રત પહેલીવાર પ્રકાશમાં લાવવાનું શ્રેયકેશવ હર્ષદ ધ્રુવને ફાળે જાય છે. તેમણે 'વસંતવિલાસ'ની ભાષાની મધુરતા, શબ્દાલંકારો, અર્થાલંકારોની ખૂબજ પ્રશંસા કરી છે. આ કાવ્ય શૃંગાર પ્રધાન છે. વસંત ઋતુનું વર્ણન અહીં ઉદ્દીપન વિભાવ છે વિરહિણીના પ્રલાપને નિમિત્તે કવિએ વિપ્રલંભ શૃંગાર ગાયો છે પણ કાવ્યને અંતે પ્રિયત્તમ નો મિલાપ થતાં સંભોગ શૃંગારનુંનિરૂપણ જોવા મળે છે. અંતમાં જોવા મળતો શૃંગાર'અમરુશતક' કે ભર્તુહરિના 'શૃંગારશતક' જેટલો ઉત્તમ નથી. આ કવિએ સંસ્કૃત મુક્તકોનો પણ ઉપયોગ કર્યો છે એનાથી આ કવિની વિદ્વત્તા કાવ્યરસિકતા સૂચવાય છે સંસ્કૃત અને ગુજરાતી કવિતાનો આવો યોગ ભાગ્યે કે બીજી રચનાઓમાં જોવા મળશે

આ પ્રકારનું ફાગુ 'નારાયણ ફાગુ' અને 'વિરહ દેસાઉરિ' છે પણ મોટાભાગના ફાગુ જૈન કવિઓએ રચ્યા છે. આ જૈન ફાગુઓમાં મુખ્યત્વે સ્થૂલિભદ્ર ફાગુ કર્તા 'જિનપદ્મ સૂરિ વધુ જાણીતો છે. આ ફાગુની રચના ઇ.સ.૧૨૩૪-૧૨૪૪ના ગાળામાં થઇ હશે. સામાન્ય રીતે ફાગુમાં વસંત ઋતુ કેન્દ્રમાં હોય છે જયારે આ ફાગુમાં વર્ષાઋતુનું વર્ણનછે. સ્થૂલિભદ્ર પૂર્વાશ્રમમાં શકટાલ મંત્રીના પુત્ર હતા. અને કોશાનામની ગણિકાને ત્યાં બાર વર્ષ રહ્યા હતા. તેમનો નાનોભાઇ પિતાનું ખૂન કરે છે એટલે સ્થૂલિભદ્ર દીક્ષા લે છે. દીક્ષા લીધા પછી સ્થૂલિભદ્રને તેમના ગુરુ ચતુર્માસ ગાળવા માટે કોશાને ત્યાં જ મોકલે છે. ત્યાંથી ફાગુનો આરંભ થાય છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કોશા શણગાર સજીને સ્થૂલિભદ્ર પાસે આવે છે. આ નિમિત્તે તેના શણગારનું કોશાના શરીરની સુંદરતાનું કવિ પરંપરાગત વર્ણન કરે છે વર્ષાઋતુનું પણ કવિ વર્ણન કરે છે

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેહા વરિસંતી
ખલહલ ખલહલ ખલહલ એ વહાલા વહંતિ

પણ સ્થૂલિભદ્રનો સંયમ જીતી જાય છે. અને છેવટે કોશાને પણ ઉપશમ ભણી ખેંચી જાય છે.

આવો જ બીજો ફાગુ રાજશેખર કૃત 'નિમિનાથ ફાગુ' છે (ઇ.સ.૧૩૪૯) સંસ્કૃત પ્રાકૃતના વિદ્વાન એવા કવિએ બાવીસમા તીર્થંકર મનાતા નેમિનાથની વાર્તા ગૂંથી છે. શ્રીકૃષ્ણની પટરાણીઓ નેમિનાથ સાથે વસંત ખેલ રમે છે તો પણ નેમિનાથ અનાસકત રહે છે બધાની વિનંતીથી છેવટે નેમિનાથ રાજિમતી (રાજુલ) સાથે લગ્ન કરવા મનાવે છે. નેમિનાથની જાન દ્વારકામાંથી પસાર થતી હતી ત્યારે જાનૈયાઓને ખાવા માટે બાંધેલા બકરાં ઘેટાં જોઈને નેમિનાથ પ્રવજ્યા લયી લગ્ન કર્યા વિના જ પાછા ચાલ્યા જાય છે. છેવટે રાજિમતી પણ પ્રવજ્યા લે છે. કવિએ રાજિમતીનું વર્ણન કુશળતાથી કરેલું છે આ વિષયને કેન્દ્રમાં રાખીને બારમાસાઓ પણ લખાયા છે. આવીજ રીતે અજ્ઞાત કવિ એ 'જંબુસ્વામી ફાગ૧૩૭૪માં રચ્યો છે. જંબુકુમાર મહાવીરસ્વામીના ગણધર સુધર્મા સ્વામીને મળ્યા પછી અનાસકત બની જાય છે. પણ એમની મા લગ્ન કરવા માટે તેમને સમજાવે છે. જંબુકુમાર શરતમૂકે છે કે લગ્ન પછી દીક્ષા લઈશ, જંબુકુમાર પરણે છેબધા ઊંધી ગયા હોય છે. ત્યારે પ્રભવ નામનો ચોર ચોરી કરવા આવે છે. જંબુકુમારના બ્રહ્મચર્યને પ્રતાપે સ્તંભન વિદ્યાને બળે એના પગત્યાંજ જડાઈ ગયા. જંબુકુમારઅને એના સાથીઓ અને આઠેય રાણીઓને ઉપદેશ આપે છે. પરિણામે બધા દીક્ષા લે છે. ઘણીવાર આવી રચનાઓમાં કૃત્રિમતા પ્રવેશતી હોય છે વર્ણનો ચીલાચાલુ જોવા મળે છે.

સંદર્ભ :

૧. 'વસંતવિલાસ' સં-કાંન્તિલાલ વ્યાસ, તૃતીય આવૃત્તિ-૧૯૫૯, પ્રકાશક- પરમસુખ પંડયા, એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ - ૨
૨. પ્રાચીન ફાગુસંગ્રહ સંભોગીલાલ સાંડેસરા, સોમાભાઈ પારેખ બીજી આવૃત્તિ-૧૯૬૦, અધ્યક્ષ ગુજરાતી વિભાગ, મ.સ.યુનિ. વડોદરા.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

૩. પંદરમાં શતકના ચાર ફાગુ સં કાંન્તિલાલ વ્યાસ, પ્રથમ આવૃત્તિ-૧૯૫૫, પ્રકાશક, શંકર પ્રસાદ છગનલાલ રાવળ, સહાયક મંત્રી, ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલ ભાઈ પટેલ માર્ગ, મુંબઈ-૪.
૪. ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો –મંજુલાલ મજમુદાર પ્રથમ આવૃત્તિ-૧૯૫૪. પ્રકાશક- જયંતીલાલ સી. શાહ, આચાર્ય બુક ડેપો, જુબેલીબાગ સામે, વડોદરા.

..........................................................................................................................

ડૉ.આઈ.એમ.ભાના, જે.એમ.શાહ કોલેજ, જંબુસર. જિ.- ભરૂચ. ismailmbhana@yahoo.com